સુવિચાર : અનુશાસનની સાચી ગેરંટી લોકોની સમજદારી છે, સંવૈધાનિક વ્યવસ્થા નહિં - પાડુરંગ શાસ્ત્રી

**તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૩ | ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૫, રવિવાર ; શ્રાવણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- કર્ણાટકમાં ટ્રેન પાટા ઉપરથી ખડી પડતા બેના મોત
- કાલ્કા-શિમલા ટ્રેક પર ટોય ટ્રેન પાટા ઉપરથી ખડી પડી
- મધ્યપ્રદેશના વિસ્ફોટક ભંડારમાં બ્લાસ્ટ, ૮૨થી વધુના મોત થયા
- ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકનો ગોળીબાર
- મક્કાની મસ્જિદ પર ક્રેન પડવાના બનાવમાં મૃત્યુઆંકડો ૧૧૦ થયો
- પેસે ઈતિહાસ રચ્યો : હિંગીસ સાથે મિકસ્ડ ડબલ્સનો તાજ જીતી લીધો
- રોજર ફેડરર અને જોકોવિક વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ
- ઓઆરઓપી : પૂર્વ સૈનિકો દ્વારા એકતા રેલીનું આયોજન
- મહાગઠબંધનમાં સામેલ થવા જેએમએમ ઈચ્છુક
- અણ્ણા હજારેની બીજીની ભૂખ હડતાલ મોકુફ

# પાટીદારોની રિવર્સ દાંડીયાત્રાને મંજુરી નહિ





**પાટીદાર અનામત આંદોલન સમિતિ રિવર્સ દાંડીયાત્રા માટે મક્કમ : સમગ્ર રાજ્યમાં જેલભરો આંદોલનની ધમકી : નવસારી કાંઠા વિસ્તારના આગેવાનો રિવર્સ દાંડીયાત્રાન બંધ રખાવવા ઉગ્ર રજૂઆત : સમગ્ર નવસારી વિસ્તારમાં ભારે ઉત્તેજના : અમદાવાદમાં પાટીદાર સમાજની મહત્વની સંસ્થાઓની બેઠક : વહિવટી તંત્ર સાબદુ : પોલીસ અધિકારીઓને સ્ટેન્ડ ટુ પર રહેવાના આદેશ**

અમદાવાદ-નવસારી, તા.૧૨

પાટીદારોની રિવર્સ દાંડીયાત્રાને વહીવટી તંત્ર દ્વારા મંજુરી અપાઈ નથી. સાથો સાથ કાંઠા વિસ્તારના ગ્રામ્યજનો દ્વારા પ્રતિકાર રેલીની પણ મંજુરી અપાઈ નથી. આમ બંને રેલીઓ યોજવાની માંગણીને નામંજુર કરાતા સમગ્ર નવસારી વિસ્તાર લશ્કરી છાવણીમાં ફેરવાયો છે. વહીવટી તંત્ર બે હજાર જેટલા જવાનો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો મોટો કાફલો ખડકી દીધો છે. એની સામે પાટીદાર અનામત સમિતિ કોઈપણ સંજોગોમાં રિવર્સ દાંડીયાત્રા યોજવા મક્કમ છે.

અનામત સમિતિ સુરતના અલ્પેશ કથિરીયાએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ૧૩મીની સવારે ૬-૩૮ કલાકે રિવર્સ દાંડીયાત્રા આરંભાશે જ અને જો સરકાર ધરપકડ કરશે તો આખા રાજ્યમાં પાટીદારો જેલભરો આંદોલન શરૂ કરશે.

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે અમદાવાદથી અપીલ કરતા સરકાર પાસે સહયોગ માગ્યો છે. જો સરકાર સહયોગ નહિ આપે તો દેશના ૧૪ પ્રદેશોના ૮ કરોડ ૭૦ લાખ પાટીદારો આંદોલન કરશે. પ્રમુખ કાર્યકર્તાઓની ખાસ બેઠક આવતીકાલે દિલ્હી ખાતે પણ યોજાનાર છે.

નવસારી જિલ્લાના કાંઠા વિસ્તારના ૭૦ ગામના આગેવાનો રિવર્સ દાંડીયાત્રાને રોકવા નાયબ દંડક અને વિસ્તારના ધારાસભ્ય આર. સી. પટેલને મળ્યા હતા. કોઈપણ સંજોગોમાં રિવર્સ દાંડીયાત્રા રોકાવી જોઈએ નહિ તો સમગ્ર દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વર્ગવિગ્રહનું વાતાવરણ ઉભું થવાનો સંભવ છે. બીજી તરફ પાટીદારોની ચાર મહત્વની સંસ્થાઓના આગેવાનોની ખાસ બેઠક અમદાવાદ ખાતે પણ યોજાઈ રહી છે. જેમાં પોલીસ અત્યાચાર અને પોલીસ કેસના મામલે ઉગ્ર ચર્ચાઓ થવાની દહેશત છે. સૂત્રોનું માનીએ તો આ બેઠક ભારે તોફાની બનશે. આમ નવસારી અને અમદાવાદમાં પાટીદાર અનામત આંદોલનના મામલે ભારે ઉત્તેજના સર્જાઈ છે.

હાર્દિકે જણાવ્યું હતું કે, અગાઉ ૫ સપ્ટેમ્બરથી ઊંધી દાંડીયાત્રા શરૂ કરવાની હતી પરંતુ યાત્રાને મંજુરી ન મળતા મોકુફ રાખવામાં આવી હતી અને આવતીકાલથી દાંડીયાત્રા યોજવાની જાહેરાત એ સમયે કરવામાં આવી હતી. હજુ સુધી યાત્રાને મંજુરી ન મળી હોવા છતાં હાર્દિક પટેલે સહિત પાટીદાર અનામત આંદોલન

● અનુસંધાન પાન-૭ પર

## નવસારીમાં ઈન્ટરનેટ સેવા બંધ કરવા નિર્ણય

અમદાવાદ, તા.૧૨

પાટીદાર અનામત આંદોલનને ધ્યાનમાં લઈને ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવાનો નિર્ણય કરાયો છે. કોઈપણ પ્રકારની અફવાઓ ન ફેલાય તે માટે આ નિર્ણય લેવાયો છે. નવસારી જિલ્લા કલેક્ટરે મોડી રાત્રે ૧૨ વાગ્યાથી ૨૪ કલાક માટે ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયામાં ખોટી અફવાઓ ન ફેલાય તે હેતુસર ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવશે. તેમ જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને જણાવ્યું હતું. નવસારીના ઐતિહાસિક દાંડીથી પાટીદાર અનામત આંદોલન સમિતિએ રેલી કાઢવા માટે ગત રવિવારના રોજ મંજુરી માંગી હતી. પરંતુ કાંઠા વિસ્તારના ગામના લોકોએ પણ રેલીની જાહેરાત કરતા રેલી મોકુફ રહી હતી અને પાટીદાર અનામત આંદોલન સમિતિએ ગમે તે ભોગે ફરી ૧૩ તારીખના રોજ સરકાર મંજુરી આપે કે ન આપે રેલી યોજવાની જાહેરાત કરી હતી. જેથી તંત્ર હરકતમાં આવી ગયું છે.

**ક્લાસીસ ભાડે આપવાના છે**
દરેક ક્લાસમાં ૨૫-૫૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવા, 6 A.C. ક્લાસરૂમ, અદ્યતન ફર્નિચર સાથે. ILTS / SPOKEN ENGLISH / સ્પર્ધાત્મક પરીક્ષાઓ 11qÃk-12qÃk / Visa Consultant / Engineering જેવી શૈક્ષણિક સંસ્થાઓ માટે સગવડદાયક
સેક્ટર-૨૧ Mo. : 99787 72043

**બ્રાહ્મણ પરિવારો માટે**
અમદાવાદ મુકામે વિશાળ
જીવન સાથી પસંદગી મેળો
તા. ૨૯-૧૧-૨૦૧૫, રવિવાર
રજી.ની છેલ્લી તા.૨૦-૯-૨૦૧૫
રજી. કરાવી સ્પોટ ૧૦૦૦ ડેટાની બુકલેટ મેળવો.
રાવલભાઈ 7359384183

**મકાન ભાડે આપવાનું છે**
સંપૂર્ણ હવા-ઉજાસવાળું, બે રૂમ, રસોડું, વિશાળ બાલ્કની સાથે
ઘ-૧ાા બસ સ્ટોપ પાસે, સેક્ટર-૩એ, ગાંધીનગર
મો. ૮૪૦૧૪૩૩૭૧૮

**બિ.ક્લાર્ક/રે.તલાટી**
નવી બેચ શરૂ
તા ૧૪-૯-૧૫ સોમવારથી સવારે :- ૧૦.૦૦ કલાકે
ફ્રી ડેમો લેક્ચર
GPSC મેઈન્સની નવી બેચ શરૂ
શિલ્પ CAREER ACADEMY
Axis Bank ઉપર સે.૧૬, ગાંધીનગર
9426944899
9638642964



SURYA GROUP

રેડી પઝેશન લાઈફસ્ટાઈલ એપાર્ટમેન્ટ્સ
@ BEST DEALS

SUYASH CRYSTAL

ગાંધીનગરમાં સૌપ્રથમ અત્યાધુનિક એમેનિટીઝ સાથેનો રેસિડેન્શીયલ પ્રોજેક્ટ !
બેઝમેન્ટ પાર્કિંગ | સ્પ્લેશ પુલ | કલબ હાઉસ જીમ અને લાઈબ્રેરી સાથે
સીકયુરીટી કેબીન અને CCTV કેમેરા | લેન્ડસ્કેપ ગાર્ડન | લૉન પેપર્સ ઉપલબ્ધ

2 & 3 BHK APARTMENTS & SHOPS

સાઈટઃ પારિજાત હોમ્સ્ ની પાસે, પ્રમુખ નગર ની પાછળ, મહાત્મા મંદિર (ખ) રોડ, સરગાસણ ચાર રસ્તા પાસે, ગાંધીનગર.
ફોન : ૭૮૨૦૦ ૯૯૦૯૯